અપીલ અરજી નં. ૬૩૫ તા.૧૮–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સી.જી.પરમાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૧૧–૦૧–૧૨ની અરજીથી મોજે ઉધના રે.સ. નં. ૨૭૮, ફા.પ્લોટ નં. ૪૨, સબ પ્લોટ નં. ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ દાગીનાનગર બાબતે મુદ્દા નં. (૧) ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં કરવામાં આવેલ (એપાર્ટમેન્ટના) બાંધકામમાં જનરલ ડી.સી.આર. ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ છે કે કેમ ? તેની સ્થળ સ્થિતિ તપાસ કરી તથા રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો તમામ માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૨) ઉપરોકત મિલ્કતમાં મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ હકીકતના બાંધકામમાં કેટલા ચો. ફુટ સી.ઓ.પી. છોડવામાં આવેલ છે? હાલની સ્થિતિમાં કુલ કેટલા સ્કેવેર મીટરમાં બાંધકામ કરવામાં આવેલ છે. કુલ કેટલા ચો.મી. ફલોર સ્પેસ ઈન્ડેક્ષ રાખવામાં આવેલ છે સંપૂર્ણ બાંધકામમાં કુલ કેટલી બાલ્કનીઓ છે અને એક બાલ્કની કેટલા મી. પહોળી છે? ફાયર વિભાગે સેફટી સર્ટી આપેલ હોય તો તેની નકલ આપવા વિનંતી. પાર્કીંટ સ્પેસ ગ્રઉંન્ડ લેવલે છે કે બેઝમેન્ટમાં તેની માહિતી રાખવા વિનંતી. રોડ માર્જીન કેટલા મીટર છોડવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૫/૨૦૧૧–૧૨

શ્રી સી.જી.પરમારની તા. ૧૧–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) મોજે ઉધના રે.સ.નં.–૨૭૮, ફા.પ્લોટ નં.– ૪૨, સબ પ્લોટ નં. ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૮, ૧૯, ૨૦, ૨૧ દાગીનાનગર વાળી મિલ્કતમાં કરવામાં આવેલ એપાર્ટ. ના બાંધકામમાં જનરલ ડી સી.આર.ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ છે કે કેમ? તેની સ્થળ સ્થિતિ તપાસ કરી તથા રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે તમામ માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૨) ઉપરોકત મિલ્કતમાં મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ હકીકતના બાંધકામમાં કેટલા ચો. ફુટ સી.ઓ.પી. છોડવામાં આવેલ છે? હાલની સ્થિતિમાં કુલ કેટલા સ્કેવેર મીટરમાં બાંધકામ કરવામાં આવેલ છે. કુલ કેટલા ચો.મી. ફલોર સ્પેસ ઈન્ડેક્ષ રાખવામાં આવેલ છે સંપૂર્ણ બાંધકામમાં કુલ કેટલી બાલ્કનીઓ છે અને એક બાલ્કની કેટલા મી. પહોળી છે? ફાયર વિભાગે સેફટી સર્ટી આપેલ હોય તો તેની નકલ આપવા વિનંતી. પાર્કીંટ સ્પેસ ગ્રઉંન્ડ લેવલે છે કે બેઝમેન્ટમાં તેની માહિતી રાખવા વિનંતી. રોડ માર્જીન કેટલા મીટર છોડવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે** માહિતીના વિષય–વસ્તુ ધરાવતા બાંધકામ અંગેની દફતરી વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૮૯૧ તા.૨–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યાર બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૧–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી તા. ૧૮–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીને અત્રેથી **અપીલના**

**મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે** માહિતીના વિષય–વસ્તુ ધરાવતા બાંધકામ અંગેની દફતરી વિગત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. તેમજ અરજદારને પણ અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યાર બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જે બાબતે અરજદાર તરફથી કોઈ પ્રકાશ પાડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૮–૨–૧૨ ધ્યાને લેતાં ૧૮–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.જી.પરમાર